# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2025-26/345 Dt. 28/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટેક્ષ્ટાઇલ કોન્કલેવ ૨૦૨૬ સફળતાપૂર્વક યોજાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ટેક્ષ્ટાઇલના ઉદ્યોગ સાહસિકોને વૈશ્વિક પડકારો અને તકો અંગે માર્ગદર્શન આપવા હેતુસર ‘ટેક્ષ્ટાઇલ કોન્કલેવ ૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવમાં મુખ્ય વકતાઓમાં લુથરા ગૃપના ચેરમેન શ્રી ગિરીશ લુથરા, કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી (સિટી) પૂર્વ પ્રમુખ અને ટીટી લિમિટેડના ચેરમેન શ્રી સંજય જૈન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નિષ્ણાત શ્રી ગુરુદાસ અરાસે સુરતના ઉદ્યોગ સાહસિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ દેશના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે અને હાલના વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સસ્ટેનેબિલિટી, ટેકનોલોજી અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ જેવા મુદ્દાઓને સમજી આગળ વધવું અનિવાર્ય બન્યું છે.

લુથરા ગૃપના ચેરમેન શ્રી ગિરીશ લુથરાએ ‘સસ્ટેનેબિલિટી, સરકયુલારિટી એન્ડ કોમ્પ્લાયન્સ ટુ મીટ યુરોપિયન યુનિયન સ્ટાન્ડર્ડ્સ ફોર ઇન્ક્રીઝિંગ એક્ષ્પોર્ટ્સ થ્રુ એફ.ટી.એ.’ વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યુરોપિયન યુનિયનના કડક પર્યાવરણ સંબંધિત ધોરણો, કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાની આવશ્યકતા, સરકયુલર ઇકોનોમી મોડલ તથા ટ્રેસેબિલિટી સિસ્ટમ્સ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, એફટીએના લાભો મેળવવા માટે આંતરરાષ્ટ્રીય નિયમો અને કંપ્લાયન્સનું પાલન કરવું આવશ્યક છે.

સિટીના પૂર્વ પ્રમુખ અને ટીટી લિમિટેડના ચેરમેન શ્રી સંજય જૈને ‘ઇન્ડિયાઝ રિસેન્ટ એફટીએઝ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર એમએમએફ ટેક્ષ્ટાઇલ્સ એન્ડ એસ્ટાબ્લિશિંગ ઇન્ટર–કલસ્ટર કો–ઓર્ડિનેશન’ વિષય પર પ્રકાશ પાડયો હતો. તેમણે ભારત દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એફટીએ કરારોના સંદર્ભમાં એમએમએફ ટેક્ષ્ટાઇલ ક્ષેત્રમાં ઊભી થતી તકો અંગે માહિતી આપી હતી. તેમણે અલગ–અલગ ટેક્ષ્ટાઇલ કલસ્ટર્સ વચ્ચે સુમેળ સાધી સંકલિત વિકાસના મહત્વ પર ભાર મુકયો હતો.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નિષ્ણાત શ્રી ગુરુદાસ અરાસે ‘ટેક્ષ્ટાઇલ્સમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના અમલીકરણ’ વિષય પર પ્રસ્તુતિ આપી હતી. તેમણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના ઉપયોગથી ઉત્પાદન ક્ષમતા વધારવી, કવોલિટી કંટ્રોલમાં સુધારો કરવો, ડિમાન્ડ ફોરકાસ્ટિંગ તથા સપ્લાય ચેઇન મેનેજમેન્ટને વધુ કાર્યક્ષમ બનાવવાની શકયતાઓ પર ભાર મુકયો હતો.

ચેમ્બરના ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન અને ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતીએ કોન્કલેવ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ કોન્કલેવનો મુખ્ય હેતુ સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનાવવા માટે માર્ગદર્શન અને દિશા પ્રદાન કરવાનો હતો.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ભીલોસા ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.ના સીઓઓ શ્રી દીપ દત્ત શર્મા, ચેમ્બરના ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઇઝર શ્રી એસ.પી. વર્મા, ઉદ્યોગકારો, નિકાસકારો તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ કોન્કલેવમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કોન્કલેવનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના સભ્ય શ્રી અતુલ પટેલે કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.